| | | | |
|---|---|---|---|
| કેસ દાખલ તારીખ | ૨૪–૦૧–૨૦૨૨ | | |
| કેસ નોંધણી તારીખ | ૨૪–૦૧–૨૦૨૨ | | |
| કેસ ફેંસલ તારીખ | ૦૪–૧૧–૨૦૨૨ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૯ | ૧૧ |

---

મહેરબાન તાપીના સેશન્સ જજ (શ્રી એસ.વી.વ્યાસ) સાહેબની કોર્ટમાં, મું. વ્યારા.

---

<u>સેશન્સ કેસ નં.૦૨/૨૦૨૨</u>
આંક:–

ફરિયાદી :– શ્રી સરકાર...........

....વિરૂધ્ધ...

આરોપી :– મોહમ્મદ આમીન આરીફ અંજુમ,
ઉ.વ.આ.૨૨, રહેવાસી : મંગલયાર્ડ, યાસીનમીંયા ગલી,
તા.માલેગાંવ, જી.નાશીક (મહારાષ્ટ્ર)

| |
|---|
| ફરિયાદી શ્રીસરકાર તરફે વિ.સ્પે.સરકારી વકીલ શ્રી બી.સી.ગામીત |
| આરોપી તરફે વિ.વકીલ શ્રી વી.એન.ચૌહાણ (લીગલ એઈડ) |

| | |
|---|---|
| ગુનો:– | ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૧ ની કલમ–૫, ૬, ૭ તથા પશુ પ્રત્યે ઘાતકીપણું અટકાવવાના અધિનિયમ, ૧૯૬૦ ની કલમ–૧૧(૧)(ડી), (ઈ), (એફ), (એચ) તથા ગુજરાત રાજ્ય પશુ હેરાફેરી નિયંત્રણ હુકમ, ૧૯૭૫ ની કલમ–૨ તથા ગુજરાત આવશ્યક ચીજ વસ્તુ અને ઢોર નિયંત્રણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ–૪ તથા સેન્ટ્રલ મોટર વ્હીકલ (૧૧ મો સુધારો) અધિનિયમ, ૨૦૧૫ ની કલમ–૧૨૫ (ઈ) મુજબ... |

## <u>–:: ચૂકાદો ::–</u>

(૧) ગાય માત્ર પ્રાણી નથી પરંતુ તે માતા છે. તેથી જ તેને ગાયમાતા નામ આપવામાં આવેલ છે. ગાય જેવુ કોઈ કૃતજ્ઞ નથી. અડસઠ કરોડ તીર્થ તેમ જ તેત્રીસ કરોડ દેવતાઓનો હરતો ફરતો વિગ્રહ ગાય છે. સકળ બ્રહ્માંડ પર ગાયનો જે ઉપકાર છે તેનુ વર્ણન કરી શકાય તેમ નથી. જે દિવસે ગાયના લોહીનું એક ટીપું ધરતી પર નહીં પડે તે દિવસે તમામ સમસ્યાઓનો નિકાલ થઈ જશે અને વિશ્વનું કલ્યાણ થઈ જશે. ગૌરક્ષા અને ગોસંવર્ધનની વાતો બહુ થાય છે પણ તેનો વાસ્તવીક અમલ થતો નથી. ગાયોની કતલ અને ગેરકાયદેસર હેરાફેરીના બનાવો

વારંવાર બને છે તે સભ્ય સમાજ માટે નામોશી છે. આજના પરિપેક્ષ્યમાં ગૌવંશ તરફ ધાર્મિક અને આધ્યાત્મિક ચિંતનની સાથે સાથે આર્થિક, સામાજિક તથા વૈજ્ઞાનિક તેમજ સ્વાસ્થય સંબંધી ચિંતનની જરૂરીયાત છે. ગાયોનો નાશ કરવા માટે તો યાંત્રિક કતલખાના બની ગયા છે અને ગાય કપાઈ રહી છે એટલે ગાય ઉપર સૌથી વધુ સંકટ છે. માંસાહારી લોકો માંસ ખાઈ છે અને તે માંસમાં ગૌમાંસ પણ વપરાઈ રહ્યુ છે. ગવ્ય પદાર્થો માનવ જીવનમાં ખુબ જ ઉપયોગી છે. ગવ્ય એટલે દૂધ, દહીં, ઘી, ગોબર અને ગૌમુત્ર. ગાયથી અલગ ત્રિદેવ નથી. આદિગઉ સુરભિથી એમનું પ્રાગટય કહેવામાં આવ્યું છે. ધર્મનો જન્મ ગાયથી છે. કેમ કે ધર્મ જે છે, તે વૃષભરૂપ છે અને ગાયના પુત્રને જ વૃષભ કહેવામાં આવે છે. નીલ વૃષભના રૂપમાં ધર્મ પ્રગટ થયો છે. અન્નની ઉત્ત્પત્તિને માટે જ ધર્મે ધારણ કર્યું વૃષભનું રૂપ; કેમ કે વૃષભ વિના ખેતી શકય નથી. ઉત્તમ અન્ન એનાથી જ પેદા થાય છે. આજના યુગમાં રાસાયણીક ખેતીના સ્થાને પ્રાકૃતીક ખેતી એટલે કે ગાય આધારીત ખેતીનું ચલણ ખુબ વધ્યુ છે. પ્રાકૃતીક ખેતીથી ઉત્પન થયેલ ધાન્ય અનેક રોગો સામે રક્ષણ આપે છે. તેથી જ આજના સમયમાં ગાયની તાતી જરૂરીયાત છે તેવા સમયે ગાયની ગેરકાયદેસર હેરાફેરી તથા કતલ થાય તે ખુબ જ દુ:ખની વાત છે. ગાયના ગોબરમાંથી બનાવેલ ઘરમાં પરમાણુ રેડીયેશનની પણ અસર થતી નથી તે વાત વિજ્ઞાને સાબીત કરેલ છે. ગૌમુત્રના સેવનથી અનેક અસાઘ્ય રોગ દુર થાય છે. ગાય ધર્મનું પ્રતિક છે. ગાયનું મહત્વ સમજવાની અને સિઘ્ધાંતની વાત નીચેના શ્લોકમાં કરવામાં આવેલ છે.

**યત્ર ગાવ: પ્રસન્ના: સ્યુ પ્રસન્નાસ્તત્ર સમ્પદ: ।**
**યત્ર ગાવો વિષણ્ણા: સ્યુર્વિષણ્ણાસ્તત્ર સમ્પદ: ॥**
(જયાં ગાયો પ્રસન્ન રહે છે, ત્યાં સઘળી સંપદાઓ પ્રસન્ન થઈ મળી રહે છે અને જયાં ગાયો દુ:ખી રહે છે, ત્યાં સંપદાઓ દુ:ખી થઈ લુપ્ત થઈ જાય છે.)

(૨) આ પૃથ્વી પર ગાયની હાજરી શા માટે જરૂરી છે તે બાબત નીચે મુજબ શ્લોકથી સ્પષ્ટ થાય છે.

**ગોભિર્યજ્ઞા: પ્રવર્તન્તે ગોભિર્વેદા પ્રવર્ધિતા: ।**
**ગોભિર્વેદા સુમદગીર્ણા સષડઙ્ગયદક્રમા: ॥**
(ગાયોમાં જ તમામ યજ્ઞોની પ્રતિષ્ઠા છે, ગાય નહિ રહેશે તો સૃષ્ટી પણ નહિં રહે, એટલા માટે ગાયના વિના સુષ્ટિની કલ્પના નથી કરી શકાતી. વેદોની સ્થિતિ પણ ગાયમાં જ છે. છ અંગોના સહિત વેદની ઉત્પતિ ગાયથી જ છે.)

(૩) હિન્દુ ધર્મગ્રંથમાં કહેવામાં આવ્યુ છે કે,

**માતા રેદ્રાણાં દુહિતા વસૂનાં**
**સ્વસાદિત્યાનામમૃતસ્ય નાભિ: ।**
**પ્ર નુ વોચં ચિકિતુષે જનાય**
**મા ગામનાગામદિતિં વધિષ્ટ ॥**

(ગાય રુદ્રોની માતા, વસુઓની પુત્રી, અદિતિપુત્રોની બહેન અને ઘૃતરૂપ અમૃતનો ખજાનો છે. તેથી પ્રત્યેક વિચારશીલ પુરુષને મેં આ જ સમજાવીને કહયુ છે કે નિરપરાધ તેમ જ અવધ્ય ગાયનો વધ ન કરો.)

(૪) ગાયોના ઉપરોકત મહત્વના સંદર્ભમાં સાંપ્રત પરિસ્થિતિ જોવામાં આવે તો આજે ભારતનું ગોધન લગભગ ૭૫ ટકા નષ્ટ થઈ ચૂકયું છે. માત્ર ૨૫ ટકા બચ્યુ છે. એક સમય એવો આવશે કે લોકો ગાયનું ચિત્ર બનાવવાનું ભુલી જશે. આજે સ્વતંત્રતાના ૭૦ વર્ષ પછી પણ વધારે સમય વીતી ગયો છે. ગૌવધ બંધ થવાનું તો શું કહેવું, તે હજુ વધારે ચરમસીમા પર પહોંચી જઈ રહયુ છે. આજે વિશ્વમાં જે પણ સમસ્યાઓ છે, એ તમામ સમસ્યાઓનું મુળ છે રજોગુણ, તમોગુણની વૃધ્ધિ અને એમની અતિશય વૃધ્ધિનું એકમાત્ર કારણ છે ગાયનો વધ. એટલા માટે જયાં સુધી ગૌવધ પુર્ણ પ્રતિબંધિત નથી થતો ત્યાં સુધી પૃથ્વી પર સાત્વિક વાતાવરણ પ્રભાવી નથી થઈ શકતું. ગાયોના મહત્વને નજર સમક્ષ રાખી આ કેસનો ગુણદોષ ઉપર નિર્ણય કરવામાં આવે છે.

(૫) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, મોજે નવા આશ્રાવા ગામના ત્રણ રસ્તા ઉપર તા.૧૮/૦૭/૨૦૨૦ના રોજ કલાક ૦૫/૩૦ વાગ્યે એક ટાટા કંપનીની ટ્રક નં.એમ.એચ–૦૪–એફ.પી.–૬૯૩૬માં ગાયો તથા બળદો કુલ નંગ–૧૬ ખીચોખીચ અને ટુંકી દોરીથી બાંધી ઘાસચારો કે પાણીની સગવડ વિના લઈ જતા અને કોઈ પ્રાથમિક સારવારના મેડીકલ સાધનો તેમજ સક્ષમ અધિકારીના પ્રમાણપત્ર કે વેટેરનરી ઓફીસરના પ્રમાણપત્ર વિના ગેરકાયદેસર રીતે ગુજરાતમાંથી મહારાષ્ટ્ર રાજયમાં હેરાફેરી કરી લઈ જતાં વાહન ચેકીંગ દરમ્યાન ટ્રક ચાલક પોલીસની નજર ચુકવી અંધારાનો લાભ લઈ ટ્રકમાં બાંધેલ ગાયો તથા બળદો નંગ–૧૬ કિમત રૂા.૧,૬૦,૦૦૦/– જે પૈકી ગાય નંગ–૦૧ તથા બળદ નંગ–૦૧ મરણ ગયેલ છે તથા ટ્રકની કિં.રૂા.૫,૦૦,૦૦૦/– મળી કુલ કિંમત રૂા.૬,૬૦,૦૦૦/–નો મુદ્દામાલ સ્થળ ઉપર છોડી નાશી જઈ ગુનો કરેલ હોય

જેને તા.૨૭/૦૮/૨૦૨૨૦ના રોજ કલાક ૧૪/૧૫ વાગ્યે અટક કરવામાં આવેલ છે. આમ ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૧ ની કલમ–૫, ૬, ૭ તથા પશુ પ્રત્યે ઘાતકીપણું અટકાવવાના અધિનિયમ, ૧૯૬૦ ની કલમ–૧૧(૧)(ડી), (ઈ), (એફ), (એચ) તથા ગુજરાત રાજ્ય પશુ હેરાફેરી નિયંત્રણ હુકમ, ૧૯૭૫ ની કલમ–૨ તથા ગુજરાત આવશ્યક ચીજ વસ્તુ અને ઢોર નિયંત્રણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ–૪ તથા સેન્ટ્રલ મોટર વ્હીકલ (૧૧ મો સુધારો) અધિનિયમ, ૨૦૧૫ ની કલમ–૧૨૫(ઈ) મુજબનો ગુનો કરેલ છે. આ બનાવની ફરિયાદીએ ફરિયાદ આપતા નિઝર પોલીસ સ્ટેશનમાં પાર્ટ–બી ગુ.ર. નં.૧૧૮૨૪૦૦૭૨૦૦૩૨૭/૨૦૨૦થી ગુનો દાખલ થયેલ છે.

(૬) આ કામે પોલીસ તપાસ પુર્ણ થયા બાદ ત.ક.અધિકારી ધ્વારા આરોપી વિરુધ્ધ ચાર્જશીટ હકુમત ધરાવતી મેજીસ્ટ્રેટ કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કેસ ચલાવવાની સત્તા સેશન્સ કોર્ટને હોઈ વિ.જ્યુ.મેજી.શ્રીએ ક્રિમીનલ કોડની કલમ ૨૦૯ મુજબ આ અદાલતમાં કમીટ કરેલ છે.

(૭) આ કેસમાં હાલના આરોપી વિરૂધ્ધ આંક–૧૧થી તહોમતનામું ફરમાવેલુ છે અને આંક–૧૨થી પ્રાથમિક નિવેદન નોધવામાં આવેલ છે. આરોપીએ ગુનાની કબુલાત કરેલ નથી. જેથી આ કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૮) ફરિયાદપક્ષ તરફથી નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**–: મૌખિક પુરાવા :–**

| સાહેદ નંબર | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૧૩ | ફરિયાદી બિપીનભાઈ રૂસ્તમભાઈ ચૌધરી (અ.હે.કો.)ની જુબાની |
| ૨ | ૧૮ | ડો.રવિભાઈ ભાણદાસભાઈ ગોંડલીયા (પશુ ચિકિત્સક)ની જુબાની |
| ૩ | ૨૭ | પંચસાહેદ બલરાજભાઈ ભાઈદાસભાઈ ગુલાલેની જુબાની |
| ૪ | ૩૧ | ત.ક.અધિકારી રાજસંગ હીરાભાઈ લોહ (પી.એસ.આઈ.)ની જુબાની |

**–: દસ્તાવેજી પુરાવા :–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૪ | ગાયો તથા બળદ ભરેલ ટ્રકનું પંચનામું |
| ૨ | ૧૫ | પોલીસ ફરિયાદ |
| ૩ | ૧૬ | આખાખોલ પાંજરાપોળમાં કરેલ પશુઓનું પંચનામું |
| ૪ | ૧૯ | વેટરનીટી ઓફિસરને લખેલ પોલીસ યાદી |
| ૫ | ૨૦ | મરણ જનાર પશુ ગાયની પી.એમ.નોટ નં.૧ |
| ૬ | ૨૧ | મરણ જનાર પશુ બળદની પી.એમ.નોટ નં.૨ |
| ૭ | ૨૨ | મરણ જનાર પશુ ગાયની પી.એમ.નોટ નં.૩ |
| ૮ | ૨૩ | મરણ જનાર પશુ ગાયની પી.એમ.નોટ નં.૪ |
| ૯ | ૨૪ | પશુઓનું હેલ્થ સર્ટીફીકેટ |
| ૧૦ | ૨૫ | પશુ ચિકિત્સક નિઝરે પો.સ્ટે.ને પી.એમ.રીપોર્ટ મોકલવા લખેલ પત્ર |
| ૧૧ | ૨૬ | પશુ ચિકિત્સક નિઝરે પો.સ્ટે.ને હેલ્થ સર્ટીફીકેટ મોકલવા લખેલ પત્ર |
| ૧૨ | ૨૮ | આરોપીની શરીર સ્થિતિનું પંચનામું |
| ૧૩ | ૩૨ | સુચીપત્ર |
| ૧૪ | ૩૩ | વેટરનીટી ઓફિસરને સારવાર સર્ટી તથા પી.એમ. લખી આપવા બાબતની પોલીસ યાદી |
| ૧૫ | ૩૪ | મદદનીશ પશુપાલન નિયામક, ગાંધીનગરનો તા.૩૦/૧૦/૨૦૧૩નો પરીપત્ર |

(૯) આ કામે આંક ૩૫થી લેખિત પુરસીસ આપી ફરિયાદપક્ષ ધ્વારા પોતાનો પુરાવો પુરો થયેલાનું જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીએ સોગંદ ઉપર પુરાવો આપેલ નથી અને બચાવમાં કોઈ સાહેદ તપાસેલ નથી.

(૧૦) આ કેસમાં મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદપક્ષ સાબિત કરે છે કે, તા.૧૮/૦૭/૨૦૨૦ ના રોજ કલાક ૦૫/૩૦ વાગ્યે મોજે નવા આશ્રાવા ગામના ત્રણ રસ્તા ઉપર એક ટાટા કંપનીની ટ્રક નં.એમ.એચ.૦૪.એફ.પી.૬૯૩૬માં ગાયો તથા બળદો કુલ નંગ–૧૬ ખીચોખીચ અને ટુંકી દોરીથી બાંધી ઘાસચારો કે પાણીની સગવડ વિના લઈ જતા અને કોઈ પ્રાથમિક સારવારના મેડીકલ સાધનો તેમજ સક્ષમ અધિકારીના પ્રમાણપત્ર કે વેટરનરી ઓફીસરના પ્રમાણપત્ર વિના ગેરકાયદેસર રીતે ગુજરાતમાંથી મહારાષ્ટ્ર રાજયમાં હેરાફેરી કરી લઈ જતાં વાહન ચેકીંગ દરમ્યાન તહોમતદાર પોલીસની નજર

ચુકવી અંધારાનો લાભ લઈ ટ્રકમાં બાંધેલ ગાયો તથા બળદો નંગ–૧૬ જે પૈકી ગાય નંગ–૧ તથા બળદ નંગ–૧ મરણ ગયેલ હતા તથા ટ્રકને સ્થળ પર છોડી નાશી જઈ ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૧ ની કલમ–૫, ૬, ૭ તથા પશુ પ્રત્યે ઘાતકીપણું અટકાવવાના અધિનિયમ, ૧૯૬૦ ની કલમ–૧૧(૧)(ડી), (ઈ), (એફ), (એચ) તથા ગુજરાત રાજય પશુ હેરાફેરી નિયંત્રણ હુકમ, ૧૯૭૫ ની કલમ–ર તથા ગુજરાત આવશ્યક ચીજ વસ્તુ અને ઢોર નિયંત્રણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ–૪ તથા સેન્ટ્રલ મોટર વ્હીકલ (૧૧ મો સુધારો) અધિનિયમ, ૨૦૧૫ ની કલમ–૧૨૫(ઈ) મુજબનો ગુનો કરેલ છે ?

૨. શું હુકમ?

(૧૧) ઉપરોકત મુદ્દાઓ અંગે મારો નિર્ણય નીચે દર્શાવેલા કારણોસર નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નંબર : ૧ :–**

(૧૨) ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા ફરિયાદપક્ષે વિ.સ્પે.સરકારી વકીલશ્રીએ ઘણા સમય પહેલા રાજીનામુ આપેલ છે અને ત્યારબાદ સ્પે.સરકારી વકીલશ્રીની નિમણુક સરકારશ્રી ધ્વારા કરવામાં આવેલ નથી. જેથી ફરિયાદપક્ષે સ્પે.સરકારી વકીલશ્રીની દલીલો કરવામાં આવેલ નથી. આરોપી ઘણા સમયથી જેલમાં છે. જેથી બચાવપક્ષે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

(૧૩) રેકર્ડ ઉપર આવેલ હકીકતો અને પુરાવાનો ગુણદોષ ઉપર નિર્ણય કરવામાં આવે તે પહેલા ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંતો તરફ દ્રષ્ટિપાત કરવામાં આવે તો કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફોજદારી કેસમાં આરોપી સામે ફરિયાદપક્ષે આક્ષેપાયેલ ગુનો નિ:શંક રીતે પડેલ પુરાવાથી પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હોય છે. આરોપી સામેના ગુનાની સાબિતીનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે. ફરિયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપ કે ગુનો સાબિત કરવા

સંપૂર્ણ અને સજજડ પુરાવાઓ આપવાના રહે છે અને આરોપીએ તો માત્ર મૌન જ રાખવાનું છે. આરોપીના બચાવની નબળાઈનો લાભ ફરિયાદપક્ષ ઉઠાવી શકે નહી. ફોજદારી કેસમાં પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે અદાલતે એક માનસિક કસરત કરવાની હોય છે અને પુરાવાઓનું મુલ્યાંકન સામાન્ય સમજણ ધરાવતી વ્યકિત કરે તે રીતે કરવાનું હોય છે. દરેક કેસ પોતાની હકીકત, પડેલ પુરાવો તેમજ કેસના ગુણદોષ ઉપર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકન બાબતે કાયદામાં કોઈ ચોકકસ પ્રકિયા જણાવવામાં આવેલી નથી. તે જ રીતે પુરાવાની ગુણવત્તા અને સાહેદોની વિશ્વસનીયતા અદાલતે ધ્યાનમાં રાખવાની હોય છે. સાહેદોની સંખ્યા કે પુરાવાનો જથ્થો અગત્યતા ધરાવતું નથી. માત્ર એક જ માનવાલાયક કે વિશ્વાસપાત્ર સાહેદના પુરાવા આધારે ફરિયાદપક્ષનો કેસ સાબિત માની આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. સંખ્યાબધ્ધ સાહેદો કે જથ્થાબંધ પુરાવો રજુ કરવાનું ફરિયાદપક્ષ માટે જરુરી નથી. ન્યાયશાસ્ત્રના સુસ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપી સામે આક્ષેપાયેલ ગુનાના સંદર્ભમાં આરોપી સામેનું તહોમતનામુ શંકારહિત, સચોટ, સંપૂર્ણ અને સજજડ પુરાવાથી પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષે નિભાવવાની છે. જો આરોપી પોતાનો સ્પષ્ટ બચાવ લેતા હોય અગર તો બનાવ સમયે બનાવ સ્થળે હાજર ન હતા તેવો બચાવ લેતા હોય તો તે સંદર્ભે આરોપીએ કેટલાક અંશે પુરાવો રજુ કરવો પડે. આરોપીએ પોતાનો બચાવ ફરિયાદપક્ષ માફક શંકારહિત સાબિત કરવાનો નથી પરંતુ શકયતા પર આધારિત બચાવ સાબિત કરવાનો રહે છે. હાલના કેસમાં આરોપીએ બચાવના સાહેદો તપાસેલ નથી કે આરોપીએ જાતે કોઈ પુરાવો આપેલ નથી. તે સંજોગોમાં ફરિયાદપક્ષે આરોપી સામેનું આરોપનામું શંકારહીત સાબિત કરવુ પડે. નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ છે કે, જો ફરિયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા ઉત્પન્ન થતી હોય તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર થતો હોય છે. જયારે ફરિયાદપક્ષના ખુદના કેસમાં ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવામાંથી જો શંકા ઉત્પન્ન થતી હોય, અગર તો ઉદ્ભવતી હોય, તેવી શંકાને વ્યાજબી શંકા કહી શકાય અને તેનો લાભ આરોપીને મળી શકે. પરંતુ શકયતાઓ આધારીત, અટકળો આધારીત ઉભી કરાયેલી શંકાને વ્યાજબી શંકા કહેવાય નહી અને તેનો લાભ આરોપીને મળે નહી. આરોપીએ ''ગુન્હો કર્યો છે'' અને ''ગુન્હો કર્યો હશે'' તે બંન્ને વચ્ચે ઘણુ જ લાબુ અંતર રહેલુ છે અને આવુ લાંબુ અંતર ફરિયાદપક્ષે જ સચોટ

અને શંકારહિત પુરાવો રજુ કરીને કાપવાનું હોય છે. આમ, કાયદો ફરિયાદપક્ષ પાસે શ્રેષ્ઠ પુરાવાની અપેક્ષા રાખે છે. ફોજદારી ન્યાયશાસ્ત્ર મુજબ વ્યાજબી શંકાનો લાભ અને શ્રેષ્ઠતમ પુરાવાની અપેક્ષા એ બે અભિગમો પ્રવર્તે છે. ફોજદારી ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપી વિરુધ્ધ ગમે તેટલી મજબુત શંકા હોય તો પણ શંકા એ શંકા જ રહે છે અને શંકા કદી પુરાવાનું સ્થાન લઈ શકતી નથી. વળી ન્યાયાધીશે બે પ્રકારની ભૂમિકાઓ અદા કરવાની હોય છે. જેમાં એક નિર્દોષ વ્યકિતને ખોટી રીતે સજા ન થઈ જાય તે જોવાનું રહે છે, બીજી બાજુ દોષીત વ્યકિત ગુનામાંથી તે છટકી ન જાય તે પણ જોવાનું હોય છે. ન્યાયાધીશે સત્યનું શોધન કરવાનું હોય છે. નાની મોટી વિસંગતતાઓ કે વિરોધાભાસોને અવગણવાની હોય છે અને કાયદેસરના અને મહત્વના પુરાવાઓને હંમેશા નજર સમક્ષ રાખવાના હોય છે. દરેક કેસમાં નાની મોટી વિસંગતતા કે વિરોધાભાસો આવતા જ હોય છે, પરંતુ જો આવી વિસંગતતા કે વિરોધાભાસો ફરિયાદપક્ષનાં કેસને મુળમાંથી અસર કરતા ન હોય તો તેની અવગણના કરવાની હોય છે. દરેક સાહેદની વર્તણુંક, સ્મરણશકિત, વિચારવાની શકિત અને અવલોકન શકિત જુદી જુદી હોય છે. આ સંજોગોમાં અદાલતે ખાણીયાની જેમ કામગીરી હાથ ધરી કાયદેસરના પુરાવાઓને ધ્યાને લેવાના હોય છે. આ તમામ પાયાના સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી આ અદાલત હાલના કેસનો ન્યાયિક નિર્ણય કરવામાં આવી રહેલ છે.

(૧૪) ફરિયાદપક્ષે આંક–૧૩થી ફરિયાદી બિપીનભાઈ રૂસ્તમભાઈ ચૌધરીનો મૌખિક પુરાવો આપેલ છે. તે જોતા આ સાહેદ નિઝર પોલીસ સ્ટેશન અનાર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તેઓની તા.૧૭/૦૭/૨૦૨૦ કલાક ૨૩:૦૫ થી તા.૧૮/૦૭/૨૦૨૦ કલાક ૬:૦૦ સુધી નાઈટ ડ્યુટી હતી. ફરિયાદી સાથે પોલીસ વાહનમાં નરેન્દ્રભાઈ રાજેશભાઈ તથા જીગ્નેશભાઈ રવીન્દ્રભાઈ હોમગાર્ડ તરીકે ફરજ ઉપર હતા અને પોલીસ વાહનના ડ્રાઈવર દિનેશભાઈ ગંગારામ હતા. વધુમાં તેઓ નાઈટ રાઉન્ડમાં હતા ત્યારે કલાક ૩:૪૫ ના અરસામાં નવા આશ્રાવા ત્રણ રસ્તા પર વાહન ચેકીંગ કરતા હતા ત્યારે ટાટા કંપનીની ટ્રક નં.એમ.એચ.૦૪.એફ.પી.૬૯૩૬ આવેલી અને તેને હોમગાર્ડના સભ્યોથી ઉભી રખાવેલ. ફરિયાદી ટ્રક ચાલકની પુછપરછ કરતા હતા પરંતુ ટ્રક ચાલક વ્યવસ્થિત જવાબ આપતા ન હતા અને તેથી ફરિયાદી તથા હોમગાર્ડના માણસો ટ્રકની પાછળ તપાસ કરવા ગયેલા

અને બાંધેલ તાડપત્રી છોડી ટ્રકના પાછળના ભાગે તપાસ કરતા બળદો તથા ગાયો ખીચોખીચ ભરેલા અને દોરી વડે બાંધેલા જોવા મળેલા. આ દરમ્યાન ટ્રક ચાલક અંધારાનો લાભ લઈ નાશી ગયેલ. ત્યારબાદ પંચોના માણસો બોલાવી પશુઓ ભરેલ ટ્રક જે તે સ્થિતિમાં બીજા ડ્રાઈવર મારફત સ્થળ ઉપરથી નિઝર પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં લાવેલ અને ત્યારબાદ પશુપાલકના વ્યવસાય સાથે સંકળાયેલ માણસોને બોલાવેલ અને તેઓની તથા પંચોની હાજરીમાં ટ્રકમાંથી ગાયો તથા બળદો ઉતારેલા. વધુમાં બાર ગાયો હતી અને ચાર બળદ હતા. તે પૈકી એક સફેદ કલરની ગાય મરણ ગયેલ હતી અને એક રાતા કલરનો બળદ પણ મરણ ગયેલ હતો. આ ટ્રકમાં ઘાસચારા કે પાણીની સગવડતા ન હતી, પ્રાથમિક સારવારના સાધનો ન હતા, પશુઓને ઉભા રહેવા ટ્રકમાં નીચેના ભાગે તળીયામાં માટી ન હતી. ફરિયાદીએ પશુઓ તથા ટ્રક અંગેનું પંચનામું કરેલું, જે જુબાનીમાં આંક–૧૪ થી રજુ થયેલ છે. વધુમાં ફરિયાદીએ સરકાર તરફે પોલીસ ફરિયાદ આપેલ છે. જે આંક–૧૫ થી જુબાનીમાં રજુ થયેલ છે. ત્યારબાદ પોલીસ તપાસ દરમ્યાન મુદ્દામાલ પશુઓને પાંજરાપોળમાં મોકલવા માટેનો હુકમ થતા ગાયો તથા બળદોને ચિહ્ન લગાવવા અંગેનું પંચનામું કરેલું. જે આંક–૧૬ થી જુબાનીમાં રજુ થયેલ છે. આ સાહેદે અદાલત સમક્ષની જુબાની દરમ્યાન કોર્ટમાં હાજર આરોપીને ઓળખી બતાવેલ છે.

આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ લેવામાં આવેલ છે તે જોતા આરોપી વાહનમાં ડ્રાઈવીંગ કરતા હતા તે હકીકત ખોટી જણાવે છે તેનો આ સાહેદે ઈન્કાર કરેલ છે. વધુમાં આરોપીને બનાવ સમયે જોયેલ ન હતા તે હકીકતનો પણ ઈન્કાર કરેલ છે. બનાવ સમયે ટ્રકમાંથી આરોપીને ઉતારેલા અને લાઈટના અજવાળામાં આરોપીને જોયેલા તેથી આરોપીને ઓળખે છે તેવી હકીકત જણાવેલ છે. આરોપીને ટ્રકના ડ્રાઈવર તરીકે ખોટી રીતે ઓળખી બતાવેલ છે તે હકીકતનો ઈન્કાર કરેલ છે.

ફરિયાદીની સમગ્ર જુબાની જોતા બનાવ સમયે આરોપી મુદ્દામાલ વાહનમાં ગાયો તથા બળદો ભરીને લઈ જતા હતા તે હકીકત સાબિત થાય છે. વધુમાં બનાવ સમયે આરોપી અંધારાનો લાભ લઈ નાશી ગયેલા તે હકીકત પણ સાબિત થાય છે. બનાવ સમયે મુદ્દામાલ વાહનમાં ગૌવંશના પશુઓ હેરાફેરી કરવા માટે આરોપી પાસે કોઈ અધિકૃત અધિકારીનું પ્રમાણપત્ર કે પરમિટ હોય તેવી હકીકત સાબિત થતી નથી. આમ સમગ્ર રીતે જોતા આરોપી

મુદ્દામાલ વાહનમાં ગૌવંશના પશુઓની ગેરકાયદેસર હેરાફેરી કરતા હતા તે હકીકત સાબિત થાય છે.

(૧૫) ફરિયાદપક્ષે આંક–૧૮ થી સાહેદ રવિભાઈ ભાણદાસભાઈ ગોંડલીયાનો મૌખિક પુરાવો આપેલ છે. તે જોતા તા.૧૯/૦૭/૨૦૨૦ ના રોજ તેઓ કુકરમુંડા પશુ દવાખાનામાં પશુ ચિકિત્સક તરીકે ફરજ બજાવતા હતા અને નિઝર પશુ દવાખાનાનો ચાર્જ પણ તેઓ પાસે હતો. વધુમાં નિઝર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. તરફથી ગુનાના કામે કબજે કરવામાં આવેલ ગાયો નંગ–૧૨ તથા બળદ નંગ–૪ પૈકી ગાય નંગ–૯ તથા બળદ નંગ–૩ અશકત હતા અને એક બળદ તથા ત્રણ ગાય મરણ ગયેલ હતી તે અંગે જરૂરી કાર્યવાહી કરવા ફોનથી જાણ કરેલ. આ સાહેદ સવારના સમયે નિઝર બસ સ્ટેન્ડથી થોડે આગળ આવેલ પેટ્રોલપંપ પાસે ગયેલા અને ત્યારે પોલીસે યાદી આપેલી, જે યાદી જુબાનીમાં આંક–૧૯ થી રજુ થયેલી છે. વધુમાં આ સાહેદે જીવિત પશુઓની શારીરિક તપાસ કરેલી અને મરણ ગયેલ પશુઓના પી.એમ. કરેલા. આ સાહેદની જુબાનીમાં મરણ ગયેલ પશુઓની પી.એમ. નોટ આંક–૨૦ થી ૨૩ સુધી અને જીવિત પશુઓની તપાસનું પ્રમાણપત્ર આંક–૨૪ થી રજુ થયેલ છે. વધુમાં આ સાહેદની જુબાની જોતા તેઓએ પી.એમ. તથા પશુઓની તપાસ કરી ત્યારે ટ્રક નં.એમ.એચ.૦૪.એફ.પી.૬૯૩૬ પેટ્રોલપંપ પાસે ઉભો હતો અને પોલીસના જણાવ્યા મુજબ આ વાહનમાં પશુઓ લઈ જવાતા હતા. વધુમાં આ ટ્રકમાં ૧૬ પશુઓનું પરિવહન થઈ શકે તેવી કેપેસીટી ન હતી તેવી હકીકત જણાવેલ છે.

આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ લેવામાં આવેલ છે તે જોતા તેઓની હાજરીમાં વાહનમાંથી પશુઓ ઉતારેલા હોય તેવું પોતે જોયેલ નથી તેવી હકીકત સ્વીકારે છે. વધુમાં પશુઓને ટુંકા દોરડાથી બાંધેલા હોય તેવા ડોક પર કોઈ નિશાન જોવા મળેલા નહિ પરંતુ એક પશુને ડોકના ભાગે વર્ટીબ્રલ ફ્રેકચર જોવા મળેલ તેવી હકીકત જણાવેલ છે.

આ સાહેદનો સમગ્ર પુરાવો જોતા તેઓએ સરતપાસમાં જણાવ્યા મુજબ કાર્યવાહી કરેલ છે તેવી હકીકત સાબિત થાય છે. વધુમાં આ સાહેદ સ્થળ પર ગયા ત્યારે ત્રણ ગાયો તથા એક બળદ મરણ ગયેલ હાલતમાં હતા અને નવ ગાયો તથા ત્રણ બળદ અશકત હતા તેવી હકીકત સાબિત થાય છે. આ સાહેદે સ્થળ પર જઈ જીવિત પશુઓની સારવાર કરેલ છે અને મૃત પશુઓના પી.એમ. કરેલ છે તેવી હકીકત પણ સાબિત થાય છે. આ સાહેદનો

પુરાવો ખોટો છે તેવી કોઈ હકીકત આ સાહેદની ઉલટતપાસ દરમ્યાન રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૬) ફરિયાદપક્ષે આંક–૨૭ થી પંચસાહેદ બલરાજભાઈ ભાઈદાસભાઈ ગુલાલેનો મૌખિક પુરાવો આપેલ છે. તે જોતા તા.૨૭/૦૮/૨૦૨૦ ના રોજ તેઓને તથા બીજા પંચ ભીમાભાઈ મનસુખભાઈ ઠાકરેને નિઝર પોલીસ સ્ટેશનમાં બોલાવેલા અને આરોપીની શરીરસ્થિતિનું પંચનામું કરેલું તેવી હકીકત જણાવેલ છે. વધુમાં આ સાહેદની જુબાનીમાં આંક–૨૮ થી તે પંચનામું રજુ થયેલ છે. વધુમાં આ સાહેદની જુબાની જોતા તા.૧૮/૦૭/૨૦૨૦ ના રોજ તેઓને તથા બીજા પંચ સુરેશભાઈ હિલાલભાઈ ગુલાલેને નિઝર પોલીસે પંચ તરીકે પોલીસ સ્ટેશનમાં બોલાવેલ અને ટ્રક નં.એમ.એચ.૦૪.એફ.પી.૬૯૩૬ તાડપત્રી બાંધેલ હાલતમાં હતો તે તાડપત્રી પંચો રૂબરૂ ખોલતા તેમાંથી ગાયો તથા બળદ એમ કુલ–૧૬ પશુઓ ભરેલા મળી આવેલા, જેમાં એક ગાય અને એક બળદ મરણ ગયેલ હતા અને પોલીસે અન્ય લોકોની મદદથી પશુઓને વાહનમાંથી નીચે ઉતારેલા અને તે અંગેનું પંચનામું કરેલું તેવી હકીકત જણાવેલ છે. વધુમાં તેઓએ વાહનમાં પશુઓ જોયા ત્યારે ખીચોખીચ દોરીથી બાંધેલા હતા, વાહનમાં ઘાસચારા કે પાણીની વ્યવસ્થા કે પ્રાથમિક સારવારના સાધનોની વ્યવસ્થા જોવા મળેલ નહિ, વાહનમાં તળીયાના ભાગે માટીની વ્યવસ્થા પણ ન હતી તેવી હકીકત જણાવેલ છે. આ પશુઓ પેટ્રોલપંપ પાસે ખુલ્લી જગ્યામાં ઉતારેલા અને પંચોના લખાવ્યા મુજબ વિગતવાર પંચનામું કરેલું તેવી હકીકત જણાવેલ છે.

આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ લેવામાં આવેલ છે તે જોતા તા.૧૮/૦૭/૨૦૨૦ ના રોજ સવારના ત્રણેક વાગ્યાના અરસામાં ફોન કરી પોતાને તથા બીજા પંચને બોલાવેલા હતા તેવી હકીકત સ્વીકારેલ છે. વધુમાં પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે ટ્રક પોલીસ સ્ટેશના કમ્પાઉન્ડમાં હતો અને તે નવા આશ્રાવા ત્રણ રસ્તાથી પકડેલ હતી તેવી હકીકત સ્વીકારેલ છે. પોલીસ સ્ટેશનમાં તાડપત્રી ખોલતા હતા ત્યારે ટ્રકનો ડ્રાઈવર ભાગી ગયેલો તેવી હકીકત સ્વીકારેલ છે. વધુમાં આશ્રાવા ત્રણ રસ્તાથી આરોપી અને પોલીસ ટ્રક લઈને નિઝર પોલીસ સ્ટેશન આવેલા તેવી હકીકત સ્વીકારેલ છે.

આમ આ સાહેદનો સમગ્ર પુરાવો જોતા આંક–૧૪ તથા આંક–૨૮ ના પંચનામાની કાર્યવાહી આ સાહેદ રૂબરૂ કરવામાં આવેલ છે તે હકીકત સાબિત થાય છે.

(૧૭) ફરિયાદપક્ષે આંક–૩૧થી ત.ક.અધિકારી રાજસંગ હિરાભાઈ લોહ (પી.એસ.આઈ.) નો મૌખિક પુરાવો આપેલ છે. તે જોતા તા.૧૮/૦૭/૨૦૨૦ ના રોજ આ સાહેદ નિઝર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા અને તે દરમ્યાન ફરિયાદીએ પી.એસ.ઓ. રૂબરૂ પોતાની ફરિયાદ હકીકત જાહેર કરેલી અને તેના આધારે ગુનો દાખલ થયા બાદ તપાસ પોતાને મળતા ગુનાની તપાસ કરેલી છે. આ સાહેદે પોતાની જુબાની દરમ્યાન જે પોલીસ તપાસ કરેલ છે તેની વિગતો જણાવેલ છે. વધુમાં પોલીસ તપાસ દરમ્યાન તેઓને અન્ય કારણસર ફરજ મોકુફ કરતા આગળની તપાસ પી.એસ.આઈ. એન.ઝેડ.ભોયાએ કરેલી તેવી હકીકત પોતાના મૌખિક પુરાવામાં જણાવેલ છે. પી.એસ.આઈ. એન.ઝેડ.ભોયાએ પોલીસ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોય ચાર્જશીટ કરેલ તેવી હકીકત જણાવેલ છે.

આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ લેવામાં આવેલ છે તે જોતા આરોપી વાહનમાં પશુ લઈ જતા હતા તે સમયે ફરિયાદીએ પકડેલા તે સમયે પોતાની સ્થળ પર હાજરી ન હતી તે હકીકત સ્વીકારેલ છે. વધુમાં તેઓની તપાસ દરમ્યાન આરોપી મળી ન આવતા ધરપકડ કરેલ નહિ તે હકીકત પણ સ્વીકારેલ છે. આરોપીની ધરપકડ થયા બાદ પી.એસ.આઈ. ભોયાએ ઓળખપરેડ કરાવેલ નથી તે હકીકત પણ સ્વીકારેલ છે. આ સિવાય ઈન્કાર કરી શકાય તેવા સવાલો પુછવામાં આવેલા છે.

આ સાહેદનો સમગ્ર પુરાવો જોતા પોતે તથા પી.એસ.આઈ. એન.ઝેડ.ભોયા એ ગુનાની જે પોલીસ તપાસ કાયદા મુજબ કરેલ છે તે અંગેની કાર્યવાહી સાબિત થાય છે.

(૧૮) આ કેસની ગુણદોષ ઉપર ચર્ચા કરતા પહેલા ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ની કલમ–૫ તથા કલમ–૬(ક), ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૧ની કલમ–૬(ક)ની જોગવાઈઓ નોંધવી આવશ્યક જણાય છે. ખાસ કરીને સદરહું જોગવાઈમાં કાયદાકીય અનુમાન આપેલા છે તે આ ટ્રાયલનો નિર્ણય કરતા સમયે ખુબ જ મહત્વના છે.

(૧૮.૧) <u>ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪</u>

<u>કલમ–૫</u> : <u>સક્ષમ સત્તાધિકારીના પ્રમાણપત્ર વગર વધ ઉપર પ્રતિબંધ</u> :

(૧) જે તે સમયે અમલમાં હોય તેવો કોઈ કાયદો અથવા કોઈપણ રિવાજ, વિરૂધ્ધની હોય તે છતાં કોઈ પશુ કતલ કરવા માટે યોગ્ય છે એવું લેખિત પ્રમાણપત્ર કોઈ વ્યકિએ તે વિસ્તાર માટે નીમેલા સક્ષમ સત્તાધિકારી પાસેથી તે પશુ સંબંધમાં મેળવ્યું ન હોય, તો તે તેવા

પશુને કતલ કરી અથવા કરાવી શકશે નહી.

[(૧–ક) પેટા કલમ (૧) હેઠળનું કોઈપણ પ્રમાણપત્ર–

(ક) ગાય,

(ખ) ગાયની વાછરડી કે વાછરડો હોય તો તે ખસી કરેલ હોય કે ન હોય.

(ગ) ધણખૂંટ

(ઘ) બળદ.]

વિગેરેના સંદર્ભમાં આપી શકાશે નહી.

<u>કલમ–૬(ક)</u> : <u>નિર્દિષ્ટ કરેલા પશુઓના વધ માટે હેરફેર કરવા સામે પ્રતિબંધ</u> :

(૧) કોઈપણ વ્યકિત, આ અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને, કલમ–૫ ની પેટ–કલમ–૧(ક)માં નિર્દિષ્ટ કરેલા કોઈ પશુની, રાજયની અંદરના કોઈ સ્થળેથી રાજયની અંદરના બીજા કોઈ સ્થળે, તેના વધના હેતુ માટે અથવા તેનો એવી રીતે વધ કરવામાં આવશે અથવા વધ થવાનો સંભવ છે તેવી જાણકારી સાથે, હેરફેર કરી શકશે નહી અથવા હેરફેર કરવાની તૈયારી બતાવી શકશે નહી અથવા હેરફેર કરાવડાવશે નહી.

<u>પરંતુ કોઈ વ્યકિતને વધના હેતુ માટે એવા પશુની હેરફેર કરતો હોવાનું માની લેવામાં આવશે સિવાય કે એવી વ્યકિત દ્વારા સંબંધિત સત્તાધિકારીને અથવા અધિકારીને તેથી વિરૂધ્ધનું સાબિત કરીને ખાતરી કરાવવામાં આવે અથવા તેણે, રાજય સરકાર આ અર્થે નીમે તેવા સત્તાધિકારી અથવા અધિકારી પાસેથી, ખેતી વિષયક અથવા પશુપાલનના શુધ્ધબુધ્ધિપુર્વકના હેતુ માટે પશુની હેરફેર કરવા માટે, પેટા કલમ–(૨) હેઠળ પરમિટ મેળવી હોય.</u>

(૧૮.૨) <u>ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૧</u>

<u>કલમ–૬(ક)</u> : <u>નિર્દિષ્ટ કરેલા પશુઓના વધ માટે હેરફેર કરવા સામે પ્રતિબંધ</u> :

(૧) કોઈપણ વ્યકિત, આ અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને, કલમ–૫ની પેટા કલમ–૧(ક)માં નિર્દિષ્ટ કરેલા કોઈ પશુની, રાજયની અંદરના કોઈ સ્થળેથી રાજયની અંદરના બીજા કોઈ સ્થળે, તેના વધના હેતુ માટે અથવા તેનો એવી રીતે વધ કરવામાં આવશે અથવા વધ થવાનો સંભવ છે તેવી જાણકારી સાથે, હેરફેર કરી શકશે નહી અથવા હેરફેર કરવાની તૈયારી બતાવી શકશે નહી અથવા હેરફેર કરાવડાવશે નહી.

<u>પરંતુ કોઈ વ્યકિતને વધના હેતુ માટે એવા પશુની હેરફેર કરતો હોવાનું માની લેવામાં આવશે સિવાય કે એવી વ્યકિત ધ્વારા સંબંધિત સત્તાધિકારીને અથવા અધિકારીને તેથી વિરૂધ્ધનું સાબિત કરીને ખાતરી કરાવવામાં આવે અથવા તેણે, રાજય સરકાર આ અર્થે નીમે તેવા સત્તાધિકારી અથવા અધિકારી પાસેથી, ખેતી વિષયક અથવા પશુપાલનના શુધ્ધબુધ્ધિપુર્વકના હેતુ માટે પશુની હેરફેર કરવા માટે, પેટા કલમ–(૨) હેઠળ પરમિટ મેળવી હોય.</u>

(૧૯) ફરિયાદપક્ષે જયારે આરોપીઓ ધ્વારા ગૌવંશના પશુઓની ગેરકાયદેસર હેરફેર કરવામાં આવતી હતી તેવો આક્ષેપ કરેલ છે ત્યારે પ્રાણીની હેરફેર અંગેના નિયમો, ૧૯૭૮ ની પણ જોગવાઈ લક્ષમાં લેવી જોઈએ. જે અંગેની સબંધિત જોગવાઈઓ નીચે મુજબ છે.

<u>નિયમ–૪૬</u>: નિયમ ક્રમાંક ૪૭ થી ૫૬ ગાય, સાંઢ, બળદ, ભેંસ, યાક અને તેના બચ્ચાને ટ્રેનમાં કે રોડ રસ્તે લઈ જવાના હોય ત્યારે લાગુ પડશે.

<u>નિયમ–૪૭(એ)</u>: કોઈ તાલીમ પામેલા પશુ ચિકિત્સકે આપેલુ એવા મતલબનું પ્રમાણપત્ર કે ઢોર ટ્રેનમાં કે રોડ ધ્વારા મુસાફરી કરવાને લાયક છે અને તેમને કોઈ ચેપ કે ચેપી રોગ કે જંતુથી થતો રોગ નથી અને તેમને રીન્ડર પેસ્ટથી અન્ય ચેપી રોગોથી બચવાની રસી આપેલી છે, ઢોરના પ્રત્યેક કન્સાઈનમેન્ટ સાથે હોવુ જોઈએ.

<u>નિયમ–૪૭(બી)</u>: જો આવુ પ્રમાણપત્ર ન હોય તો પરિવાહકે ઢોરોને હેરફેર માટે સ્વીકારવાની ના પાડી દેવી.

<u>નિયમ–૪૭(સી)</u>: આ પ્રમાણપત્ર શિડયુઅલ E માં આપેલ ફોર્મ મુજબ હશે.

<u>નિયમ–૪૮</u>: ઢોરોની પ્રત્યેક ટુકડી સાથે ઢોરને માટે જરૂરી પ્રાથમિક ઉપચારના સાધનો સાથે રાખવા.

<u>નિયમ–૫૦</u> : રેલ્વેના ડબ્બામાં કે વાહનમાં ઢોર દીઠ જગ્યા સરેરાશ બે ચોરસ મીટરથી ઓછી ન હોવી જોઈએ.

<u>નિયમ–૫૪(૧)</u> : રસ્તામાં પાણી પાવા માટેની વ્યવસ્થા કરવી અને કટોકટીના સમય માટે પુરતા પ્રમાણમાં પાણી સાથે રાખવુ

<u>નિયમ–૫૪(૨)</u> : આખી મુસાફરી દરમ્યાન પુરુ પડે તેટલુ ખાણ અને ઘાસચારો સાથે રાખવો.

<u>નિયમ–૫૪ (૩)</u> : ઢોરને પુરતા હવા–ઉજાસ મળવા જોઈએ.

(૨૦) ઉપરોકત ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ તથા ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૧ તથા પ્રાણીની હેરફેર અંગેના નિયમો, ૧૯૭૮ તથા પ્રાણી ક્રુરતા અધિનિયમ, ૧૯૬૦ની કલમ–૧૧(૧)ડી, ઈ, એફ, એચ તથા સેન્ટ્રલ મોટર વ્હીકલ (૧૧ મો સુધારો) અધિનિયમ, ૨૦૧૫ની કલમ–૧૨૫(ઈ) ની જોગવાઈઓ સાથે ફરિયાદપક્ષના કેસની હકીકત અને ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોતા આરોપી મુદ્દામાલ વાહનમાં ગૌવંશના પશુઓ સક્ષમ અધિકારીના પ્રમાણપત્ર કે કોઈપણ પ્રકારની કાયદા મુજબની પાસ–પરમીટ વગર હેરાફેરી કરતા મળી આવેલા છે. વધુમાં ગૌવંશના પશુઓ વાહનમાં હેરાફેરી કરવા માટે આરોપી સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર ધરાવતા હોય તેવો કોઈ પુરાવો પોલીસ તપાસ દરમ્યાન કે ટ્રાયલ દરમ્યાન બચાવપક્ષે રજુ થયેલો નથી. જેથી મુદ્દામાલ વાહનમાં ગૌવંશના પશુઓની કાયદા તથા નિયમો વિરૂધ્ધ હેરફેર થતી હતી તે હકીકત સાબિત થાય છે. વધુમાં રજુ થયેલ પુરાવો જોતા ૧૨ ગાયો તથા ૪ બળદોને એક જ વાહનમાં લઈ જવામાં આવતા હતા અને તે જોતા પ્રાણીની હેરફેર અંગેના નિયમો, ૧૯૭૮ના નિયમ–૫૦ મુજબ જે જગ્યા પશુઓને મળવી જોઈએ તે આપવામાં આવેલ ન હતી અને તેથી પશુઓને ગીચોગીચ બાંધેલા હતા અને તેથી પશુઓ પ્રત્યે ક્રુરતા થાય તે રીતે બાંધવામાં આવેલા હતા તેવી હકીકત માની શકાય. ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોતા આ પશુઓને દોરી વડે બાંધવામાં આવેલા હતા તે હકીકત પણ સાબિત થાય છે.

(૨૧) આ કામે ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો અને બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસ જોતા ફરિયાદ હકીકત મુજબ આરોપી મુદ્દામાલ વાહનમાં ગૌવંશના પશુઓ સાથે મળી આવેલા હતા તે હકીકત સાબીત થાય છે. બનાવ સમયે આરોપી મુદ્દામાલ વાહનનું ડ્રાઈવીંગ કરતા હતા તે હકીકત પણ ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવા પરથી સાબિત થાય છે. આમ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી ગૌવંશના પશુઓ મુદ્દામાલ વાહનમાં પરિવહન કરતા સમયે મળી આવેલા અને વાહન ચેકીંગ દરમ્યાન આરોપી પોલીસની નજર ચુકવી અંધારાનો લાભ લઈ મુદ્દામાલ સ્થળ ઉપર છોડી નાશી ગયેલા તે હકીકત ફરિયાદીના મૌખિક પુરાવાથી સાબિત થાય છે. આ કિસ્સામાં આરોપી સામે ગેરકાયદેસર ગૌવંશના પશુઓની હેરફેર કરવાનો આક્ષેપ છે અને બનાવ સમયે મુદ્દામાલ વાહનમાંથી ગાયો અને બળદો મળી આવેલ છે અને તેની કિંમત ફરિયાદમાં જણાવ્યા મુજબ રૂા.૧,૬૦,૦૦૦/–થાય છે. પોલીસ

કર્મચારીને આવડી મોટી રકમના ગૌવંશના પશુઓ ખોટી રીતે દેખાડી આરોપી સામે ખોટો કેસ કરવા માટે કોઈ કારણ નથી. વધુમાં બનાવ સમયે જે મોટર વાહનમાં પશુઓની હેરફેર થતી હતી તે મુદ્દામાલ વાહન કબજે કરવામાં આવેલ છે અને તેની કિંમત રૂા.૫,૦૦,૦૦૦/– દર્શાવવામાં આવેલ છે. તે જોતા પણ આરોપી સામે પોલીસ કર્મચારીએ ખોટો કેસ કરેલ હોય તેવું માની શકાય તેમ નથી. આ કામે ફરિયાદપક્ષે ટ્રાયલ દરમ્યાન ફરિયાદી પોલીસ કર્મચારીનો મૌખિક પુરાવો રજુ થયેલો છે તે જોતા આરોપી સામે કોઈ વૈમનસ્ય કે વેરભાવ રાખી ખોટો કેસ કરેલ હોય તેવી કોઈ હકીકત ટ્રાયલ દરમ્યાન બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આ સંજોગોમાં ફરિયાદપક્ષે ફરિયાદીનો મૌખિક પુરાવો રજુ થયેલો છે તે વિશ્વાસપાત્ર છે અને શંકા કરવા માટેનું કોઈ વ્યાજબી કારણ હોય તેવી હકીકત બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. ફરીયાદીના પુરાવા આધારે આરોપી સામેનો કેસ ફરિયાદપક્ષે નિ:શંકપણે સાબિત કરેલો છે તેમ માનુ છું.

(૨૨) ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોતા બનાવ સમયે આરોપીના કબજાના મોટર વાહનને રોકવામાં આવ્યુ ત્યારે તેમાં ગૌવંશના પશુઓ ભરેલા હતા. વધુમાં ગુજરાત રાજયના કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરના તા.૨૨/૧૦/૨૦૧૩ના હુકમ ક્રમાંક એલવીએસ/૧૦/૨૦૧૦/૪૯૯૨/૫.૧ મુજબ ગુજરાત રાજયમાં દુધાળા પશુઓ હેરફેર કરવા પર મુકવામાં આવેલ પ્રતિબંધનો ભંગ થતો હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં આરોપી પાસે ગૌવંશના પશુઓની મોટર વાહનમાં હેરફેર કે પરિવહન કરવા સરકારશ્રીની મંજુરી અથવા સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર પણ ન હતુ. વધુમાં આ ગુનાની ટ્રાયલ દરમ્યાન પણ આવી કોઈ સરકારશ્રીની મંજુરી અથવા સક્ષમ અધિકારીનું કોઈ પ્રમાણપત્ર કે પરમીટ આરોપીપક્ષે રજુ કરવામાં આવેલ નથી. આરોપીપક્ષે ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૩૧૩ ના વિશેષ નિવેદન દરમ્યાન પણ ગૌવંશના પશુઓની વાહનમાં હેરફેર કરવા બાબતે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર કે સરકારશ્રીની મંજુરી મેળવેલ હોય તો તેવો કોઈ લેખીત આધાર પુરાવો રજુ કરેલ નથી. વધુમાં આરોપીએ બચાવપક્ષે પુરાવો આપીને પણ બનાવ સમયે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર કે સરકારશ્રીની મંજુરી ધરાવતા હોય તો તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ, સમગ્ર કેસ રેકર્ડ જોતા બનાવ સમયે આરોપી ગૌવંશના પશુઓની મોટર વાહનમાં હેરફેર કરવા માટે સક્ષમ

અધિકારીનું પ્રમાણપત્ર કે સરકારશ્રીની મંજુરી ધરાવતા ન હતા તે હકીકત નિ:શંકપણે સાબિત થાય છે.

(૨૩) પ્રાણીની હેરફેર અંગેના નિયમો, ૧૯૭૮ના નિયમ–૪૬ પ્રમાણે નિયમ–૪૭, નિયમ–૪૮, નિયમ–૫૦ તથા નિયમ–૫૪ (૧) અને (૨) ગૌવંશના પશુઓની મોટર વાહનમાં હેરફેર કરવા સમયે લાગુ પડે છે. આ કામના આરોપીએ નિયમ–૪૭(સી)ના પ્રમાણપત્ર વિના ગૌવંશના પશુઓની હેરાફેરી કરેલ છે અને તેના કારણે પશુઓને અનાવશ્યક દુ:ખ અથવા પીડા થયેલ છે તેમજ પશુઓને હલનચલન માટે વ્યાજબી અવકાશ મળે તેટલા ઉંચાઈ, લંબાઈ અને પહોળાઈના પુરતા માપ વગરના ટ્રકમાં રાખી અથવા પુરી રાખી કાયદાની જોગવાઈનું ઉલ્લંઘન કરેલ છે તે હકીકત રજુ થયેલ પુરાવા પરથી સાબિત થાય છે. વધુમાં આરોપી ધ્વારા સદરહું પશુઓ માટે પ્રાથમિક પશુ ઉપચારના સાધન રાખવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં જણાવેલ નથી કે બચાવનો પુરાવો આપી તે હકીકત સાબિત કરેલ નથી. આમ આ કિસ્સામાં સદરહું નિયમ–૪૭, ૪૮, ૫૦ તથા ૫૪ (૧) અને (૨) નો ભંગ કરવામાં આવેલ છે અને તેથી આરોપી ધ્વારા પ્રાણી ક્રુરતા અધિનિયમ, ૧૯૬૦ ની કલમ–૧૧(ડી), ૧૧(ઈ) તથા ૧૧ (એચ) મુજબના ગુનાહિત કૃત્યો કરેલ છે તે હકીકત સાબિત થાય છે.

(૨૪) ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોતા બનાવ સમયે આરોપી ગૌવંશના પશુઓને મુદ્દામાલ મોટર વાહનમાં લાવતા હતા અને તેથી ગુનાવાળી જગ્યાએ પહોંચતા ઘણો સમય થયેલો હોય તે હકીકત સ્વાભાવિક છે. જો લાંબા અંતરની મુસાફરી હોય તો પશુઓને અમુક સમયે વાહનમાંથી ઉતારી તેને આરામ આપવો જોઈએ તેમજ ઘાસચારા અને પાણીની વ્યવસ્થા પણ આરોપીએ કરવી જોઈએ. વધુમાં આ પશુઓને હેરફેર દરમ્યાન દોરી વડે બાંધી રાખેલ હતા તે હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ પુરાવા પરથી સાબિત થાય છે. પશુઓની હેરફેર દરમ્યાન તેને આરામ આપવામાં આવેલ હોય કે ખોરાક અને પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત આરોપીપક્ષ ટ્રાયલ દરમ્યાન રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તેથી આરોપી ધ્વારા પ્રાણી ક્રુરતા અધિનિયમ, ૧૯૬૦ ની કલમ–૧૧(એફ) તથા ૧૧(એચ) મુજબના ગુનાહિત કૃત્યો કરેલ છે તે હકીકત સાબિત

થાય છે. વધુમાં ફરીયાદીના પુરાવા મુજબ પશુઓને વાહનમાં ભરવામાં આવેલ હતા અને દોરડા વડે બાંધવામાં આવેલ હતા તેવી હકીકત જણાવેલ છે. વધુમાં આ હકીકત જોતા આરોપીએ ગૌવંશના પશુઓ પ્રત્યે ક્રુરતાભર્યુ વર્તન કરેલ હતુ તેવી હકીકત સાબિત થાય છે.

(૨૫) વધુમાં ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવો અને આ ગુનાની ટ્રાયલ દરમ્યાન રેકર્ડ ઉપર આવેલ સમગ્ર હકીકતો જોતા બનાવ સમયે આરોપી મુદ્દામાલ વાહનમાં ગૌવંશના પશુઓનું પરિવહન કરવા માટેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર કે હેરફેર કરવા માટેની લેખિત પરમીટ ધરાવતા હતા તે રજુ કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ સંજોગોમાં ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ માં કરવામાં આવેલ સુધારા અધિનિયમ–૨૦૧૧ જોતા કલમ–૬(ક) માં ગૌવંશના પશુઓના વધ માટે હેરફેર કરવા સામે પ્રતિબંધ મુકેલ છે અને તેમાં કાયદાનું અનુમાન પણ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ કિસ્સામાં જયારે ફરિયાદપક્ષ ધ્વારા મુદ્દામાલ વાહનમાં ગૌવંશના પશુઓનું પરિવહન કરવા માટે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર કે હેરફેર કરવા માટેની લેખિત પરમીટ આરોપી ધરાવતા ન હતા તે હકીકત સાબિત કરવામાં સફળ રહેલ છે ત્યારે કાયદાનું અનુમાન અદાલતે કરવાનું રહે છે અને આરોપી ગૌવશં ના પશુઓની હેરફેર તેના વધ માટે કરી રહેલ હતા તેવું અદાલતે માની લેવાનું રહે છે. ફરીયાદપક્ષે આરોપી ધ્વારા ગૌવંશના પશુઓની કાયદાની જોગવાઈઓ અને નિયમો વિરૂધ્ધ હેરાફેરી થતી હોવાનુ સાબિત કરેલ હોય તો ત્યારપછી કલમ–૬(ક) માં આરોપી ઉપર કાયદાના અનુમાન વિરૂધ્ધની હકીકત સાબિત કરવાની જવાબદારી કાયદાએ મુકેલ છે તેવી હકીકત આરોપીપક્ષે સાબિત કરવાની રહે છે. આ કિસ્સામાં આરોપી તેવી હકીકતો સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. તેથી આરોપી ગૌવંશના પશુઓની હેરફેર તેના વધ માટે મોટર વાહનમાં કરતા હતા તે હકીકત ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવા તથા કાયદાના અનુમાનથી સાબિત થાય છે.

(૨૬) પ્રાણી હેરફેરના નિયમ, ૧૯૭૮ ના નિયમ ૫૦ તથા સેન્ટ્રલ મોટર વ્હીકલ (૧૧ મો સુધારો) અધિનિયમ, ૨૦૧૫ની કલમ–૧૨૫(ઈ) મુજબ રોડ માર્ગે પશુઓની વાહનમાં હેરાફેરી કરવામાં આવતી હોય ત્યારે મોટર વાહનમાં ઢોર દીઢ બે ચોરસ મીટરથી ઓછી ન હોય તેટલી જગ્યા રાખવી જોઈએ. જયારે આ કિસ્સામાં આરોપી ધ્વારા મુદ્દામાલ વાહનમાં ગૌવંશના પશુ

ગાયો અને બળદોની હેરાફેરી કરવામાં આવતી હતી તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે ત્યારે મુદ્દામાલ વાહનની લંબાઈ તથા પહોળાઈ કાયદા મુજબની છે તે ધ્યાનમાં લેવામાં આવે તો પણ મુદ્દામાલ વાહનના પાછળના ભાગનું ક્ષેત્રફળ જોતા મુદ્દામાલ વાહનમાં ૧૨ ગાયો અને ૪ બળદોનું પરિવહન કરી શકાય નહિ. આરોપીએ સદરહું નિયમની જોગવાઈનું પાલન કરવામાં આવેલ નથી તેવી હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરેલ છે. વધુમાં આરોપીનું આ કૃત્ય પણ પશુઓ પ્રત્યે ક્રુરતાપુર્વકનું છે તેમ કહી શકાય. પશુઓને અનાવશ્યક દુ:ખ અને ત્રાસ ન થાય તેથી પશુ દીઠ બે ચોરસ મીટર મોટર વાહનમાં જગ્યા રાખવી જોઈએ તેવા નિયમો બનાવવામાં આવેલ છે. પરંતુ આ પ્રકારની ગુનાહિત પ્રવૃતિ કરનાર તત્વો પશુઓની સુખાકારી અને કલ્યાણ માટે જે નિયમો બનાવેલા છે તેનું પાલન કરતા નથી અને તેના કારણે ફોજદારી કાર્યવાહીને આમંત્રણ આપે છે.

(૨૭) સેન્ટ્રલ મોટર વ્હીકલ (૧૧ મો સુધારો) અધિનિયમ, ૨૦૧૫ની કલમ-૧૨૫(ઈ)ની જોગવાઈ વંચાણે લેતા વાહનમાં ઢોર દીઠ સરેરાશ બે ચોરસ મીટરથી ઓછી જગ્યા હોવી જોઈએ નહી. જેનુ આ કિસ્સામાં પાલન કરવામાં આવેલ નથી.

(૨૮) પ્રાણી ક્રુરતા અધિનિયમ, ૧૯૬૦ કલમ-૩૮ હેઠળ મળેલ સત્તાના આધારે કેન્દ્ર સરકાર ધ્વારા પ્રાણીઓની હેરફેર અંગેના નિયમો, ૧૯૭૮ બનાવવામાં આવેલ છે. આરોપી ધ્વારા સદર ૧૯૭૮ના નિયમો પૈકી નિયમ-૪૭, ૪૮, ૫૦ તથા ૫૪ (૧) અને (૨) તથા સેન્ટ્રલ મોટર વ્હીકલ (૧૧ મો સુધારો) અધિનિયમ, ૨૦૧૫ની કલમ-૧૨૫(ઈ) નો ભંગ કરવામાં આવેલ છે. જે અન્વયે પ્રાણી ક્રુરતા અધિનિયમ,૧૯૬૦ કલમ-૩૮(૩) હેઠળ રૂપિયા એકસો સુધીના દંડની અથવા ત્રણ મહિના સુધીની કેદની શિક્ષા અથવા બન્ને શિક્ષાની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨૯) ફરિયાદપક્ષના કેસ મુજબ મુદ્દામાલ મોટર વાહનમાં ગૌવંશના પશુઓની હેરફેર કરતા સમયે આરોપી ધ્વારા તેઓની સામે આક્ષેપાયેલ ગુનાહિત કૃત્યો કરવામાં આવેલ છે તે હકીકત સાબિત થયેલ છે ત્યારે મુદ્દામાલ વાહનનો ગૌવંશના પશુઓની ગેરકાયદેસર અને નિયમો વિરૂધ્ધ હેરફેર કરવામાં ઉપયોગ થતો હતો તે હકીકત સાબિત થાય છે. તે સંજોગોમાં ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ ની જોગવાઈ મુજબ મુદ્દામાલ

વાહન સરકાર દાખલ થવા પાત્ર છે. વધુમાં પ્રાણી ક્રુરતા અધિનિયમ, ૧૯૬૦ કલમ–૩ વંચાણે લેતા આરોપી બનાવ સમયે પશુઓનો હવાલો ધરાવતા હતા અને પ્રાણીની સુખાકારી માટે તમામ વ્યાજબી પગલા લેવાની અને પશુઓ પ્રત્યે અનાવશ્યક દુઃખ અથવા પીડા ન થાય તે જોવાની તેઓની ફરજ હતી. આમ છતાં આરોપી કાયદા અને નિયમ મુજબ પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ ગયેલ છે અને મુંગા પશુઓ પ્રત્યે ક્રુરતા આચરેલ છે તેમજ ઘાસચારા કે પાણીની વ્યવસ્થા કરેલ નથી તેમજ નિયમ અનુસારની જગ્યા કરતા ઓછી જગ્યામાં પશુઓનું પરિવહન કરવામાં આવતુ હતુ અને દરેક પશુ માટે મોટર વાહનમાં અલગ અલગ પાર્ટીશન કરવામાં આવેલ ન હતા તેમજ દોરી વડે બાંધવામાં આવેલા હતા તેવી હકીકત સાબિત થયેલ છે ત્યારે પશુઓની કસ્ટડી આરોપીને સોંપી શકાય નહિ. વધુમાં આ ગુનાની ટ્રાયલ દરમ્યાન આરોપી મુદ્દામાલ પશુઓના માલિક હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો નથી અને ગૌવંશના પશુઓ પ્રત્યે ક્રુરતા આચરવા બદલ પશુના માલિકને દોષિત ઠેરવવામાં આવેલ હોય ત્યારે પ્રાણી ક્રુરતા અધિનિયમ, ૧૯૬૦ કલમ–૨૯ મુજબ તે પશુઓ સરકાર દાખલ કરવાના રહે છે. આ ગુનાની ટ્રાયલ દરમ્યાન બનાવ સમયે મુદ્દામાલ વાહનમાંથી મળી આવેલા પશુઓ આરોપીના માલિકીના હતા તે હકીકત સાબિત થયેલ ન હોય ત્યારે આ પશુઓ વિ. મેજીસ્ટ્રેટ કોર્ટના વચગાળાના હુકમ મુજબ પાંજરાપોળને સોંપવામાં આવેલ છે તે હુકમ પશુઓના હિતને ધ્યાનમાં રાખતા કાયમ રાખવો જોઈએ અને પશુઓની કસ્ટડી આરોપીને ન સોંપવી જોઈએ તેવા નિર્ણય પર આવુ છું.

(૩૦) આમ, સમગ્ર ચર્ચાના અંતે આરોપી સામે આક્ષેપાયેલ તહોમતનામુ ફરિયાદપક્ષ નિશંકપણે સાબિત કરી શકેલ છે તેમ માનુ છું. જેથી સાબિત થયેલા ગુનાઓ માટે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. સબબ, આરોપીને સજા વિશે સાંભળવા માટે આ ચુકાદો મુલતવી રાખવામાં આવે છે.

આ ચૂકાદો આજ તારીખ : ૪, માહે નવેમ્બર, સને ૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ: ૦૪/૧૧/૨૦૨૨
સ્થળ : વ્યારા.
(D.M.KURIYA)

(સમીર વિનોદચંદ્ર વ્યાસ)
સેશન્સ જજ, તાપી, મું.વ્યારા.
(Code: GJ-00345)

(૩૧) સજા અંગે આરોપીને રૂબરૂમાં સાંભળવામાં આવ્યા. આરોપીના વિ.વ.શ્રી હાજર છે. આરોપીએ એવી રજુઆત કરેલી છે કે, આરોપી અપરણિત છે, તેઓના માતા–પિતા મૃત્યુ પામેલા છે, આરોપીને નાની એક બહેન છે અને તેના ભરણપોષણની જવાબદારી આરોપી ઉપર છે, આરોપીનો કોઈ ગુનાહિત ભુતકાળ નથી, જેથી આરોપીને ઓછામાં ઓછી સજા કરવા રજુઆત કરેલ છે.

(૩૨) સરકારપક્ષે વિ.સ્પેશીયલ સરકારી વકીલશ્રીએ ઘણા લાંબા સમય પહેલા રાજીનામું આપેલ છે. ત્યારબાદ સરકારશ્રી ધ્વારા સ્પેશીયલ સરકારી વકીલશ્રીની નિમણુંક થયેલ નથી. આરોપી લાંબા સમયથી જ્યુડીશીયલ કસ્ટડીમાં છે. આ સંજોગોમાં ફરિયાદપક્ષે વિ. સ્પેશીયલ સરકારી વકીલશ્રીની દલીલો સજાના મુદ્દા અંગે સાંભળી શકાયેલ નથી.

(૩૩) આરોપીપક્ષની સમગ્ર રજુઆતો ધ્યાનમાં લેતા આ અદાલતના મત મુજબ આરોપીએ ગૌવંશના મુંગા પશુઓની ગેરકાયદેસર હેરાફેરી કરેલ છે. આરોપી ધ્વારા મુદ્દામાલ વાહનમાં ગૌવંશના પશુઓનું પરિવહન કરવા માટે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર કે હેરફેર કરવા માટેની લેખિત પરમીટ મેળવવામાં આવેલ ન હતી ત્યારે કાયદાનું અનુમાન અદાલતે કરવાનું રહે છે અને આરોપી ગૌવશંના પશુઓની હેરફેર તેના વધ માટે કરી રહેલ હતા તેવું અદાલતે અનુમાન કરવાનું રહે છે. કલમ–૬(ક) માં આરોપી ઉપર જે હકીકત સાબિત કરવાની જવાબદારી કાયદાએ મુકેલ છે તે હકીકત આ કિસ્સામાં આરોપી સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. તેથી આરોપી ગૌવંશના પશુઓની હેરફેર તેના વધ માટે મોટર વાહનમાં કરતા હતા તે હકીકત સાબિત થયેલ છે ત્યારે આ ગુનાહિત પ્રવૃતિને સહજતાથી જોઈ શકાય નહી. આ કામે સજાના મુદદા ઉપર પુખ્ત વિચારણા કરીને આ અદાલત એવા તારણ પર આવે છે કે, આરોપીને કાયદામાં નકકી કરેલ મહતમ સજા કરવામાં આવે તથા દંડ કરવાનો હુકમ કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે. સબબ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

(૧) આરોપી મોહમ્મદ આમીન આરીફ અંજુમ, રહેવાસી મંગલયાર્ડ, યાસીનમીંયા ગલી, તા.માલેગાંવ, જી.નાશીક (મહારાષ્ટ્ર)ને ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૧ની

કલમ–૫, ૬, ૭ તથા પશુ પ્રત્યે ઘાતકીપણું અટકાવવાના અધિનિયમ, ૧૯૬૦ની કલમ–૧૧(૧)(ડી), (ઈ), (એફ), (એચ) તથા તથા ગુજરાત રાજ્ય પશુ હેરાફેરી નિયંત્રણ હુકમ, ૧૯૭૫ ની કલમ–૨ તથા ગુજરાત આવશ્યક ચીજ વસ્તુ અને ઢોર નિયંત્રણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ–૪ તથા સેન્ટ્રલ મોટર વ્હીકલ (૧૧ મો સુધારો) અધિનિયમ, ૨૦૧૫ની કલમ–૧૨૫(ઈ) મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીને ગુજરાત પશુસંરક્ષણ અધિનિયમ,૧૯૫૪ ની કલમ–૫, ૬, ૭ સાથે વાંચતા ગુજરાત પશુસંરક્ષણ સુધારા અધિનિયમ, ૨૦૧૧ તથા ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ ની કલમ–૬(ક) (૧) ના ભંગ બદલ ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ની કલમ–૮ (૨) મુજબ આજીવન કેદની સખત સજા અને રૂા.૫,૦૦,૦૦૦/– (રૂપિયા પાંચ લાખ પુરા) દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો વધુ પાંચ વર્ષની સખત કેદની સજા કરવા હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીને પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ કલમ–૧૧(૧)(ડી) ના ભંગ બદલ તકસીરવાન ઠરાવી રૂા.૫૦/– (રૂપિયા પચાસ) દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો બે (૨) મહિનાની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપીને પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ કલમ–૧૧(૧)(ઈ) સાથે વાંચતા સેન્ટ્રલ મોટર વ્હીકલ (૧૧ મો સુધારો) અધિનિયમ, ૨૦૧૫ની કલમ–૧૨૫(ઈ) સાથે વાંચતા પ્રાણી હેરફેરના નિયમો, ૧૯૭૮ના નિયમ ૫૦ ના ભંગ બદલ પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ની કલમ–૩૮(૩) અન્વયે તકસીરવાન ઠરાવી ત્રણ મહિના (૩ મહિના)ની સાદી કેદની સજા અને રૂા.૧૦૦ /– (રૂપિયા એકસો) દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો ૧૫ (પંદર) દિવસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આરોપીને પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ કલમ–૧૧ (૧)(એફ)ના ભંગ બદલ તકસીરવાન ઠરાવી રૂા.૫૦/– (રૂપિયા પચાસ) દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ

ભરવામાં કસુર કરે તો બે (૨) મહિનાની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આરોપીને પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ કલમ–૧૧ (૧)(એચ) સાથે વાંચતા પ્રાણી હેરફેરના નિયમો, ૧૯૭૮ ના નિયમ ૫૪ (૧) તથા (૨) ના ભંગ બદલ પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ની કલમ–૩૮(૩) અન્વયે તકસીરવાન ઠરાવી ત્રણ મહિના (૩ મહિના)ની સાદી કેદની સજા અને રૂા.૧૦૦/– (રૂપિયા એકસો) દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો ૧૫ (પંદર) દિવસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) આરોપીને ગુજરાત આવશ્યક ચીજ વસ્તુ અને ઢોર નિયંત્રણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ–૪ ના ભંગ બદલ કલમ–૯ અન્વયે તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા અને રૂા.૧૦૦/– (રૂપિયા એકસો) દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો ૧૫ (પંદર) દિવસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૮) આરોપીને ગુજરાત રાજય પશુ હેરાફેરી નિયંત્રણ હુકમ, ૧૯૭૫ ની કલમ–૨ અન્વયે અલગ સજા કરવામાં આવતી નથી.

(૯) મુદ્દામાલ વાહન ટાટા કંપનીની ટ્રક નં.એમ.એચ–૦૪–એફ.પી.–૬૯૩૬ પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ, ૨૦૧૭ ની કલમ–૬(ક)(૪) મુજબ અપીલ સમય વિત્યેથી સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. આ હુકમનો અમલ થવા આ ચુકાદાની એક નકલ નિઝર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ને મોકલવી.

(૧૦) પ્રાણી ક્રુરતા અધિનિયમ, ૧૯૬૦ ની કલમ–૨૯ મુજબ મુદ્દામાલ ગાયો તથા બળદો અંગે વિ. મેજીસ્ટ્રેટ કોર્ટે પાંજરાપોળમાં મોકલવા હુકમ કરેલ છે તે કાયમ રાખવામાં આવે છે.

(૧૧) ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૩૧ મુજબ આરોપીને કરવામાં આવેલ કેદની સજા એકસાથે ભોગવવા હુકમ કરવામાં આવે છે.

(૧૨) ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૪૨૮ મુજબ આરોપીને સેટઓફનો લાભ આપવો.

(૧૩) આ હુકમની એક ખરી નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

(૧૪) ક્રિ.પ્રો.કોડ કલમ–૩૬૫ મુજબ આ હુકમની નકલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વ્યારાને ઈ–મેઈલથી મોકલવી.

હુકમ આજ તારીખ ૦૪, માહે નવેમ્બર, સને ૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૪–૧૧–૨૦૨૨
સ્થળ : વ્યારા.
(D.M.KURIYA)

(સમીર વિનોદચંદ્ર વ્યાસ)
સેશન્સ જજ, તાપી, મું.વ્યારા.
(Code: GJ-00345)